# જાહેરાત

## રજીસ્ટર્ડ થયેલી ખાનગી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની પસંદગી અંગેની જાહેરાત – ૨૦૨૩

---

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: **GH/SH/77/BMS/1115/1295/G**, તા. ૨૫/૦૭/૨૦૧૭ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માટે નીચે જણાવેલ વેબસાઈટમાં ઉલ્લેખ કરેલ સૂચનાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત તેમજ નિયત થયેલ અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. વિગતવાર સૂચનાઓ વેબસાઇટ પર મુકવામાં આવશે.

અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત:

લાયકાત ધરાવતા ઉમેદવારો તા.૨૨/૦૫/૨૩ થી તા.૦૪/૦૬/૨૩, રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી વેબસાઈટ https://gserc.in/ ઉપર મુકવામાં આવેલ સૂચના મુજબ ઓનલાઈન અરજી કરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલ ફી ઓનલાઈન ભરી શકશે. નિયત સમયમર્યાદામાં ફી ન ભરી શકેલ ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાત્રી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ/સબમીટ કરવાની રહેશે. ઉમેદવારો અરજી કરવાની છેલ્લી તારીખ સુધી પોતાની અરજીમાં સુધારો કરી શકશે, ત્યારબાદ સુધારા અંગે કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

શિક્ષણવિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૨૦/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:**GH/SH/42/2022/BMS/1115/1295/G** ની જોગવાઈ અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૨૨માં લેવાયેલ **HMAT** પરીક્ષામાં ઉત્તિર્ણ ઉમેદવારો જ અરજી કરી શકશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સૂચનાઓ https://gserc.in/ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. તેમજ ભરતી સંબંધિત તમામ સૂચનાઓ અને વિગતો વખતો વખત વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

**Sd/-**
(પ્રજેશકુમાર આર. રાણા આઇ.એ.એસ.)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને નિયામક,
કમિશનર શાળાઓની કચેરી,ગુ.રા,ગાંધીનગર